અપીલ અરજી નં.૬૧/૦૮–૦૯ તા. ૧૬–૬–૦૮

અરજદારઃ શ્રી લીલાવતી અરવિંદરાય વ્યાસ
સામાવાળાઃઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન

## હુકમઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી લીલાવતી અરવિંદરાય વ્યાસની તા.૧૪–૫–૦૮ની અરજીથી રે.સ.નં.૧૪ ફા.પ્લોટ નં.ર ટેના.નં.૧૭બી–૦૧–૦ર૬૧–૦–૦૦૧ નામ દાખલ કરેલ તેના પૂરાવાની નકલ મેળવવા અંગે કરેલ અરજી બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧૬–૬–૦૮ ની અપીલ અરજી નં.૬૧/૦૮–૦૯

શ્રી લીલાવતી અરવિંદરાય વ્યાસની તા.૧૪–૫–૦૮ની અરજીથી રે.સ.નં.૧૪ ફા.પ્લોટ નં.ર ટેના.નં.૧૭બી–૦૧–૦ર૬૧–૦–૦૦૧ નામ દાખલ કરેલ તેના પૂરાવાની નકલ મેળવવા અંગે કરેલ અરજી બાબતે કોઈ પણ પ્રકારની માહિતી ન આપતા નારાજ થઈ તા.૧૬–૬–૦૮ ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના વિલંબ અને ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ર૩૫ તા.ર૧–૬–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આરટીઆઈ આ.નં.વે.ઝોન/31 તા.30–૬–૦૮ થી માહિતી પૂરી પાડેલ છે.

અરજદાર તરફથી તા૧૬–૬–૦૮ ના રોજ સાદા કાગળ ઉપર માહિતી નહીં મળ્યાનો પત્ર નોડલ ઓફિસરને સંબોધીને લખવામાં આવેલ જે ડી/ર૮૩૮ મધ્યસ્થ કચેરીને મળેલ. જેના અનુસંધાને અરજદારને પત્ર નં.આરટીઆઈ સેલ/ર૩૫ તા.ર૧–૬–૦૮ થી અપીલ અંગે અપીલ ફોર્મ સહિત વિગતો પૂરી પાડવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગેની વિગતો તા.ર૩–૬–૦૮ ના રોજ અત્રે મળેલ. ત્યાર બાદ અરજદારે ફરીથી નમુના 'જ' સાથે અપીલ ફોર્મ તા.૯–૭–૦૮અપીલ ફોર્મ ભરી અત્રે મોકલેલ. જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડેલ માહિતી જોતાં અરજદારને તા.ર૭–૬–૦૮ ના રોજ જવાબ પાઠવેલ જણાય છે. જેમાં સદર ટેના.૧૭બી–૦૧–૦ર૬૧–૦–૦૦૧ સને ૧૯૮૯ –૯૦ થી આજ દિન સુધી અત્રેના રેકર્ડ પર દાખલ થયેલ કરપાત્ર વ્યકિતનું નામ ચાલુ છે કોઈ ફેરફાર ન થયા હોય રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. પરંતુ તે અંગે કલમ–૮ હેઠળના અપવાદ હેઠળ માહિતીનો ઈન્કાર માટેનું કોઈ વાજબીપણું રજૂ કરેલ નથી. અરજદારની મુળ અરજી તથા અપીલમાંની વિગતો જોતાં " તેમણે નામો દાખલ થયા ત્યારે મનપાએ મેળવેલ પુરાવા તથા સબંધિતના જવાબની વિગતો માંગેલ છે તે પૂરી પાડેલ જણાતી નથી."

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૪–૫–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી આરટીઆઈ કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં અત્રે ની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,રાંદેરઝોન ..... જાણ તથા અમલ માટે.
(ર)શ્રી લીલાવતી અરવિંદરાય વ્યાસ,